GANDHINAGAR BUILDERS' ASSOCIATION
GANDHINAGAR BUILDERS ASSOCIATION
SINCE 1982
BUILDER'S FORUM

Office : 305, Shreenath Complex, Plot : 292, Sector-22, Gandhinagar - 382022 **Ph. : (0) 23241151** email : gnrbuilder@yahoo.co.in



(બ) ક્ષતિગ્રસ્ત, બીનઉપયોગી સરકારી મકાનો માટે એવી નીતિ ઘડાય કે સમગ્ર વિસ્તારને તોડી લઈ જવા સાથે જમીનની હરાજી થાપ અને ત્યાં સરકારશ્રીના આયોજન પ્રમાણે જે તે હરાજી રાખનાર ડેવલપર્સ ૪ માળના મકાનો બનાવે જે પૈકી અમુક મકાન સરકારને મુકરર ભાવે આપે અને જે અન્ય મકાનો પોતે વેચી શકે. આ યોજનાથી સરકારને સારી એવી આવક થશે. અને સરકારને કીફાયત ભાવે સારા રહેણાંક મકાનો મળશે.

આજ યોજના જ્યાં હાલ સરકારી વસાહત છે પણ મકાનો જર્જરીત થયાં છે, અને જોખમી છે ત્યાં તબક્કાવાર કરાય - છતાં પણ ભોંભતળીયે પાર્કીંગ અને ચાર માળના મકાનો બાંધી શકાય, જે હાલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અનુકૂળ રહે.

આપશ્રીને જાણ હશે કે મુંબઈમાં જે વિશાળ ઝૂંપડપટ્ટી છે ત્યાં મ્યુ. કો. એવી યોજના બનાવી છે, જે સમગ્ર જમીન હરાજીથી ડેવલપર્સને અપાય જે સુઆયોજીત ગરીબ વસાહત માટે મકાનો બાંધે અને ફાજલ મકાન પોતાની રીતે હરાજીથી વેચાણ કરે. આ યોજનાની આવશ્યકતા હવે ગુજરાતના મોટા શહેરો અને ગાંધીનગર માટે પણ ઉભી થઈ છે. માત્ર ઝુપડપટ્ટીને ૪૫.૦૦ ચો.મી.ના પ્લોટ (હાલની બજાર કિંત રૂા. ૪.૫ થી ૫.૦૦ લાખની કીંમતના) આપવા કરતા આવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી એ શહેરના આયોજન માટે તેમજ ઝુપડપટ્ટીના વિકાસને રોકવા અને શહેરને સુંદર સ્વચ્છ સગવડભર્યુ બનાવવા આવશ્યક છે.

**ઉપરોક્ત સૂચનો માટે ઉચ્ચસ્તરીય સમિતિ નિમાય અને ત્વરિત નિર્ણય લેવાય તો ગાંધીનગર શહેરનો વિકાસ ઝડપી સુંદર અને સરકારશ્રી માટે બિન ખર્ચાળ બનશે અને એક સારી આવકનું સાધન પણ બનશે.**

આશા છે કે આપ અમારા આ વિચાર રજુઆતને લક્ષમાં લઈ સાનુકુળ પગલાં ભરશો.

આપનો વિશ્વાસુ,

અમરિષ વ્યાસ
(પ્રમુખ)

દર્શન દવે
(સેક્રેટરી)

AMRISH VYAS (PRESIDENT) • MUKESH PATEL (VICE PRESIDENT) • DARSHAN DAVE (SECRETARY) • JAYESH GANDHARVA (ORG. SECRETARY) • PIYUSH PATEL (TREASURER)